

# વાઈબ્રન્ટ સમિટને પગલે કડકડતી ઠંડીમાં 'નોંધારા' બનેલાં શ્રમિક પરિવારો

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન વિદેશી તેમજ રાજ્ય બહારથી આવી રહેલા મહેમાનોને ગુજરાતની ગરીબી ના દેખાય એ માટે ગરીબી દૂર થાય તેવા ઉપાય કરવાને બદલે સરકારે ઉપાય જે શોધ્યો છે તે છે ગરીબોને જ હટાવવાનો. ના રહેંગે ગરીબ ના દિખેગી ગરીબી. શહેરમાં કચરો વીણીને ગુજરાન ચલાવતાં પરપ્રાંતિય શ્રમિક પરિવારો જે શાહપુર સર્કલ નજીક વનરાજીમાં ઝુંપડાં બાંધીને વસવાટ કરી રહી છે. વિશાળ બનેલા શહેરમાં તંત્રને આવા પરિવારો માટે રૈન બસેરા બાંધવાની જગ્યા મળતી નથી અને હવે જ્યારે ગાંધીનગરમાં શિયાળાની કડકડતી ઠંડી પડી રહી છે તે દરમ્યાન અચાનક જ તેમના ઝુંપડાઓ પર બુલડોઝર ફેરવીને આવા પરિવારોને તેમના માસુમ બાળકો સહિત તહસનહસ કરી નાંખવા તે કેટલું યોગ્ય છે? શહેરમાં વોટબેંક બની ચુકેલી અન્ય ઝુંપડપટ્ટીઓને દિવાલ કરીને ઢાંકી દેવાઈ છે તેમ આ સેવા વસ્તીને પણ વાઈબ્રન્ટ પુરતી કોઈ હંગામી આડશ કરીને ઢાંકી દેવાનો વિકલ્પ અપનાવાયો હોત તો આવી આકરી ઋતુમાં તેમને આવ સાવ "નોંધારા" તો ના થવું પડ્યું હોત.. રામ જાણે ઠંડીમાં ઝુંપડા વગર શું હાલત થશે આ પરિવારોની..!!

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ ચૌધરીનું દુઃખદ અવસાન થતાં આજે બપોરે બે વાગે પંચાયત સંકુલમાં સૌ પદાધિકારી-અધિકારી-કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળ્યું હતું.
- કોંગ્રેસ સાથે સંકળાયેલ ઠાકોર સમાજના નેતાઓની એક બેઠક આજે ઠાકોરભવન આલમપુર (ગાંધીનગર) ખાતે મળશે.
- રાજ્ય સરકારે ગુજરાત વહીવટીય સેવાના અધિકારી પી.જી. પટેલને સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરતા હુકમો કર્યા છે.
- રાજ્ય સરકારે ૩૮ જેટલા સેક્શન અધિકારીઓને ઉપ સચિવ તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે. હાલ તેમની જગ્યાને જ અપગ્રેડ કરવામાં આવી છે.
- સચિવાલય ફેડરેશનના પ્રમુખ જયેશ રાવલને ઉપ સચિવ તરીકે બઢતી મળી છે.
- કેન્દ્ર સરકારે જાન્યુ.થી અમલી બનતો મોંઘવારી ભથ્થાના હપ્તાને સ્થગિત કરતાં રાજ્ય સરકારના કર્મચારીઓમાં નિરાશા વ્યાપી છે. જુલાઈ-૨૦૨૧નો હપ્તો પણ રાજ્ય સરકારે કર્મચારીઓને આપ્યો નથી.
- ભારત સરકારે આજે આઈ.પી.એસ. કેડરના અધિકારીઓને આઈ.જી. તરીકે બઢતી આપી તેમાં ગુજરાત કેડરના બે અધિકારીઓ સુશ્રી અર્ચના શિવહરે અને વિપુલ અગ્રવાલનો સમાવેશ થાય છે.
- આજથી ૧૫ થી ૧૮ વર્ષના કિશોરોના વેક્સિનેશનના થયેલા આરંભે આજે રાજયના મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને રાજય આરોગ્ય મંત્રી જિલ્લામાં આવતાં તંત્ર વહેલી સવારથી દોડધામમાં વ્યસ્ત રહ્યુ હતુ.
- આઈશ્રી ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે. ૫ ખોડિયાર માતાના મંદિરે ચારણ આઈશ્રી સોનલમાની જન્મ જયંતિની આજે ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

# કિશોરોને રસીકરણનો છાલા ગામથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને કોરોનાની રસી આપવાના અભિયાનનો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લામાં કોવિડ રસી અભિયાનનો આરંભ છાલા ગામ ખાતેથી થયો હતો. કોવિડ- ૧૯ રસીનો આરંભ આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારના હસ્તે કરાયો હતો.

સમગ્ર ગુજરાત રાજયમાં આજથી કોવિડ-૧૯ ની રસી ૧૫ થી ૧૮ વર્ષની ઉમરના બાળકોને આપવાનો આરંભ થયો છે. ગાંધીનગર ખાતેથી રાજયના મુખ્યમંત્રીના હસ્તે આ અભિયાનનો આરંભ થયો હતો. ગાંધીનગર જિલ્લામાં આ રસીકરણનો આરંભ છાલા ગામની કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કુલ ખાતેથી કરવામાં આવ્યો હતો. આ રસીકરણનો આરંભ આરોગ્ય અને પરિવારના કલ્યાણ રાજય મંત્રી નિમિષાબેન સુથારે દીપ પ્રાગટય કરીને કરાવ્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું હતું કે કોરોનાના કપરાકાળમાંથી બહાર નીકળવા માટે આપ સૌના સાથ અને સહકારની જરૂરિયાત છે. સમગ્ર દેશમાં ૧૮ વર્ષથી ઉપરની ઉપરના તમામ લોકોને રસીનો પ્રથમ અને બીજો ડોઝ આપવાની કામગીરીમાં ઘણી સફળતા મળી છે. હવે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શાળાએ જતા અને ૧૫ થી ૧૮ વર્ષની વયના કિશોર અવસ્થાના બાળકોને કોવિડ- ૧૯ ની રસી આપવાના અભિયાનના આરંભ કર્યો છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, છાલા ગામના સરપંચ મેધાબેન પટેલ સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




આ કુંવર મફતમાં રસી તો લઈ આવ્યો... હવે એ જોવાનું કે આપણે તેને જીંદગીભર મફતમાં રોટલા ખવડાવવા ન પડે...!!

# બે ફાર્મ હાઉસમાંથી થર્ટી ફર્સ્ટમાં દારૂની મહેફિલ માણતા કુલ ૧૨ નબીરા ઝડપાયા

ગાંધીનગરમાં નવા કેલેન્ડર વર્ષ-૨૦૨૨ને આવકારવા આલમપુર ખાતે નૈના ફાર્મ હાઉસમાં ચાલી રહેલી દારૂની મહેફિલમાં પોલીસે ''રંગમાં ભંગ'' પાડીને આઠ નબીરાઓને દારૂ ઢીંચતા રંગેહાથ ઝડપી લીધા છે. ચિલોડા પોલીસે પાડેલી આ રેડમાં પોલીસે રૂ. ૩૦૦ની કિંમતના દારૂ સાથે કુલ ૧૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવા ઉપરાંત નજીકના શિહોલી ગામની હદમાં આવેલા અન્ય એક ફાર્મ હાઉસ ખાતેથી પણ વધુ ચાર નબીરાઓને દારૂ પીતા ઝડપી લઈ રૂ. ૪૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

રાજ્યમાં દારૂબંધી હોવા છતાં થર્ટી ફર્સ્ટ ઉજવવા દારૂ પીવાનું વધતુ દૂષણ સમાજમાં બદી બની ચુક્યું છે. ગાંધીનગર શહેરની બહાર આલમપુર ખાતે એક ખાનગી ફાર્મહાઉસ નૈના ફાર્મ ખાતે ચિલોડા પોલીસે બાતમીના આધારે રેડ કરતાં કુલ આઠ નબીરાઓ દારૂની મહેફિલ માણતા ઝડપાયાં હતા. વળી આ વિસ્તારમાં શિહોલી ગામની સીમમાંથી વધુ ચાર નબીરા દારૂ પીતા પકડાતાં કુલ ૧૨ વ્યક્તિઓ થર્ટીફર્સ્ટ માણતા પકડાયાં છે. પોલીસે આલમપુરના નૈના ફાર્મ હાઉસ ખાતેથી હિતેશ કાંતિભાઈ પટેલ ઉં.વ. ૩૩ રહે. પટેલવાસ આલમપુર, જશુજી પોપટજી ચૌહાણ ઉં.વ. ૩૩ રહે. આલમપુર, વનરાજસિંહ પ્રભાતસિંહ સોલંકી ઉં.વ.૪૧, નિલેશ દશરથભાઈ પટેલ, ઉં.વ. ૨૬, પ્રિન્સ અનિલભાઈ પટેલ ઉં.વ. ૨૧, અક્ષય ઘનાભાઈ પટેલ ઉં.વ. ૩૨, જયદીપ કાંતિભાઈ પટેલ ઉં.વ. ૩૨ તેમજ પેથાપુર જીઈબી કોલોની ડી/૫/૪ માં રહેતા અભિષેક પરેશભાઈ રાવ ઉં.વ. ૩૦ને ઝડપી લીધા છે. આ ઉપરાંત પોલીસે શિહોલી પાસેના ફાર્મહાઉસમાંથી અમન અમૃતભાઈ પટેલ રહે. નારાયણ એવન્યુ, ઈ/૨૦૪, ભાટ, મીત રાજેન્દ્ર પટેલ રહે. એફ/૨૦૧, શ્રીનાથ ક્લાસિક, આયુષ પદ્મકાંત પટેલ રહે. એ-૧૦૩, નારાયણ એવન્યુ અને મયંક કનુભાઈ સોની રહે. ૧૨૬/૭, સે. ૨૮ને મોંગીદાટ વિદેશી દારૂ ઢીંચતા ઝડપ્યાં હતા.

## આજે સેક્ટર-૫ ખાતે ચારણ આઈ સોનલમાંની જન્મ જયંતી ઉજવવાનું આયોજન

આઈ ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ, સેક્ટર-૫ દ્વારા ચારણ આઈ સોનલમાંની જન્મ જયંતી ઉજવવાનું આયોજન કરેલ છે. જેમાં સવારે ૬ કલાકે મંગળા આરતી, ૯.૩૦ કલાકે નૈવેધ તથા ધજા આરોહણ અને માતાજીને ભેળીયો અર્પણ, સવારે ૧૦ કલાકે દેવીયાણ પાઠ અને સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતી અને સુખડીનો પ્રસાદ આપવામાં આવશે. દરેક વ્યક્તિએ માસ્ક પહેરીને આવવાનું રહેશે અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે. પ્રમુખ રામદાન ઝુલા, મંત્રી સાગરદાન ઝુલા, ખજાનચી સમરતદાન ખડીયા દ્વારા સમગ્ર ચારણ સમાજ તથા તમામ આઈ ઉપાસકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યું હતું.



## શહેરના નવીનતમ બગીચાના પ્રવેશદ્વાર તુટેલી હાલતમાં

શહેરમાં સેક્ટર-૩, ૩-ન્યુ, ૬, ૧૩, ૧૪ ના બગીચાના નવીનીકરણની કામગીરીનું ઈ ખાતમુહૂર્ત ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં બગીચાના પ્રવેશદ્વાર તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. જાણો કે વર્ષો જૂના પ્રવેશદ્વાર હોય અને તુટી ગયા હોય તેવી પરિસ્થિતિ છે. હજી તો માંડ નવીનીકરણ થયું છે ત્યારે શરૂઆતમાં જ તંત્રની કામગીરી ખુલ્લેઆમ દેખાઈ રહી છે. આ લોખંડના પ્રવેશદ્વાર તુટેલી હાલતમાં અત્યારથી જ છે તો આગામી વર્ષોમાં તો કદાચ પ્રવેશદ્વાર પણ ન જોવા મળે અથવા ખરાબ હાલતમાં જોવા મળી શકે છે.

# લીકર કેસમાં આપ પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીનો જામીન પર છુટકારો

**આપની લીગલ ટીમ દિલ્હી થી ગાંધીનગર દોડી આવી, આપના મહામંત્રી જામીનદાર થયા**

ગાંધીનગર, તા.૩

કોબા ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે ૫૦૦ કાર્યકરોના ટોળા સાથે હોબાળો મચાવનાર આપ પાર્ટીના આગેવાનોમાં ઈસુદાન ગઢવીનો લીકર ટેસ્ટ પોઝીટીવ આવ્યો હતો. જેને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકે ઈસુદાન સામે ફરીયાદ નોંધાઈ હતી. ત્યારે આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાનને પ્રોહીએકટના ગુનામાંથી છોડાવવા માટે સુપ્રીમ કોર્ટના વકીલ ગાંધીનગર દોડી આવ્યા હતા. ઈસુદાન ગઢવી એડવોકેટ અને જામીનદાર સાથે પોલીસ મથકે હાજર થયા હતા. જયાં ઈસુદાનની ધરપકડ બાદ થોડા સમયમાં જામીન પર છુટકારો થયો હતો. આ સમયે ઈન્ફોસીટી પોલીસ મથકે મોટીસંખ્યામાં આપના કાર્યકરો હાજર રહ્યા હતા.



પ્રાપ્ત વિગત મુજબ ૧૩ દિવસ જેલવાસ ભોગવી બહાર આવ્યા બાદ તે યુવાનો માટેની લડાઈ હતી તેમ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું. ત્યારબાદ ઈસુદાન ગઢવીએ વધુ જણાવ્યું હતું કે જેલમાંથી બહાર આવ્યા બાદ મને જાણ થઈ કે મારો લીકર રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મને આશ્ચર્ય થયુ કે જીવનમાં મે કયારેય દારૂ પીધો નથી તો રીપોર્ટ પોઝીટીવ કઈ રીતે આવે ? પણ ત્યાં સુધી ફરીયાદ નોંધાઈ ગઈ હતી. જે આપ પાર્ટીની લીગલ ટીમને જાણ



થતા તે પણ દિલ્હીથી આવી પહોંચી હતી. મે એમને મળીને કહ્યું કે પોલીસની કામગીરીને સહયોગ આપશું, આપણે રીઢા ગુનેગાર નથી એટલે પોલીસ કદાચ લેવા પણ ના આવે પરંતુ આપડે સામેથી જઈશું. ત્યારબાદ બપોરના પોણા બે વાગ્યાના અરસામાં ઈસુદાન ગઢવી ઈન્ફોસીટી પોલીસ મથકે પહોંચ્યા હતા. જયાં તેઓની ધરપકડ કરવામાં આવી હતી ત્યારપછી કાનુની કાર્યવાહી કર્યા બાદ સવા ચાર વાગે તેઓને જામીન પર છુટકારો થયો હતો.

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન

નગરની બહેનો માટે જ્યોતિ મહિલા મંડળ દ્વારા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બૂચે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ત્યારબાદ કાનૂની સત્તા મંડળના સુધીરભાઈ દેસાઈ અને વિમળાબેન પયાચી દ્વારા કુટુંબ ભરણ પોષણ, ઘરેલું હિંસા, નોકરીના સ્થળ પર જાતીય સતામણી, મહિલાના હક્ક અને અધિકારો ઉપર સદૃષ્ટાંત સમજૂતી આપવામાં આવી હતી. બહેનોએ તેમના પ્રશ્નો રજૂ કર્યા હતા. આ પ્રસંગે સુધીરભાઈ દેસાઈ અને વિમળાબેન પયાચીએ બહેનોને કાયદાની સમજ, કલમોની જાણકારી અને દૈનિક જીવનમાં માનવીય અભિગમ સમજાવવા પર ભાર મુક્યો હતો. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ, ઉપપ્રમુખ નીરૂબેન નાયક, કોકિલાબેન નાયક, હર્ષાબા ધાંધલ, સાબેરાબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## મગોડી હાઈસ્કૂલમાં વેક્સીન કાર્યક્રમમાં ઉનેરો ઉત્સાહ

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં વિદ્યાર્થીઓને કોરોનાનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૧૦ થી ૧૨ના લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓને કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ અપાયો હતો. આ કાર્યક્રમમાં પેટા આરોગ્ય કેન્દ્ર મગોડીની ટીમે ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓને કોરોનાની પ્રથમ રસી આપી હતી. જેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શાળા સ્ટાફ, આચાર્ય મનુભાઈ પ્રજાપતિ, ડી.ઈ.ઓ. ઓફિસમાંથી એ.ઈ. આઈ. પઠાણભાઈ તેમજ કેળવણી મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વતંત્રતાના અમૃત મહોત્સવ અંતર્ગત સાયન્સ ફેરનું આયોજન

ગાંધીનગર, તા. ૩

સ્વતંત્રતાના અમૃત મહોત્સવ અંતર્ગત આયોજિત ગુજરાત વિજ્ઞાન સંમેલનના ઉપક્રમે ૨૬ જેટલા પ્રોગ્રામ યોજાશે. તેમાંથી એક વિષય સાયન્સ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં વિજ્ઞાન પ્રત્યે વિદ્યાર્થીઓ તથા શિક્ષણમાં રસ ઉદભવે અને વધુમાં વધુ ગુજરાત તથા દેશની પ્રગતિમાં વધારો થાય તેવી આશા સહ આયોજન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હર્ષદભાઈ પટેલ (કુલપતિ આઈઆઈટીઈ) તથા અતિથી વિશેષ તરીકે (મેયર) હિતેષભાઈ મકવાણા, રુચિરભાઈ ભટ્ટ (અધ્યક્ષ, બીજેપી), પરિમલસિંહ ગોલ, જશવંતભાઈ પટેલ (ચેરમેન, સ્થાઈ સમિતિ), (સચિવ વિજ્ઞાન ગુર્જરી પ્રાંત) ડૉ. સુનીલ કહાર, (પ્રાંત સહ સચિવ વિજ્ઞાન ગુર્જરી) જીગ્નેશ બોરીસાગર (સચિવ વિજ્ઞાન ગુર્જરી), સિવમભાઈ મનુશી (પ્રાંત સંયોજક સદસ્ય અભિયાન), તેજલબેન નાઈ (દંડક મ્યુનિસિપલ કોર્પોરેશન), મીનાબેન પટેલ (કોર્પોરેટર વોર્ડ ૧૦)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. અને વિજ્ઞાન દોડની હરી ઝંડી, આપી દોડનું પ્રારંભ કરાવ્યું હતું. જેમાં વિજ્ઞાન દોડમાં ૩૮૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ

ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ હેન્ડબોલની સ્પર્ધા એલ.ડી. આર્ટસ કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની હેન્ડબોલની ટીમ સતત બીજી વખત ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજમાં ચેમ્પિયન થઈને સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. આ સંદર્ભે હેન્ડબોલની ટીમના કેપ્ટન પાયલ ભેડા અને પૂરી ટીમને અખઈલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ વી. ચૌધરી, ઉપપ્રમુખ તેમજ કોલેજના કન્વીનર રણછોડભાઈ ચૌધરી તેમજ સર્વે ટ્રસ્ટીઓ અને કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી તેમજ શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક વિનોદભાઈ ચૌધરી અને સમગ્ર સ્ટાફે હેન્ડબોલની ટીમે સંસ્થાને ગૌરવ અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ટચૂકડી જાહેર ખબર

**નામ બદલેલ છે**

હું નીરવકુમાર ગૌતમકુમાર બ્રહ્મભટ્ટ જાહેર કરું છું કે, મારું જુનું નામ નીરવકુમાર ગૌતમકુમાર બ્રહ્મભટ્ટ (Niravkumar Gautamkumar Brahambhatt) હતું જે બદલીને હાલનું નવું નામ નીરવકુમાર ગૌતમકુમાર બ્રહ્મભટ્ટ (Niravkumar Gautamkumar Brahmbhatt) રાખેલ છે.
સરનામું : ૨૦૨, ખ્યાતિ રેસિડેન્સી, દિવ્યજીવન ફ્લેટની બાજુમાં, ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા, અમદાવાદ

**નામ બદલેલ છે**

હું ગૌતમકુમાર દશરથલાલ બ્રહ્મભટ્ટ જાહેર કરું છું કે, મારું જુનું નામ ગૌતમકુમાર દશરથલાલ બ્રહ્મભટ્ટ (Gautamkumar Dashrathlal Brahambhatt) હતું જે બદલીને હાલનું નવું નામ ગૌતમકુમાર દશરથલાલ બ્રહ્મભટ્ટ (Gautamkumar Dashrathlal Brahmbhatt) રાખેલ છે.
સરનામું : ૨૦૨, ખ્યાતિ રેસિડેન્સી, દિવ્યજીવન ફ્લેટની બાજુમાં, ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા, અમદાવાદ